


## સલામી સવારની..

*ખાય છે ટંક પેટ-ભરીને એ ગરીબ નથી!*
*સૂઈ જાય શાંતિથી ફૂટપાથે એ ગરીબ નથી!*
*ચલાવી લે જે કપડાં વિના એ ગરીબ નથી!*
*કરી ઘો જાહેર! કે દેશમાં કોઈ ગરીબ નથી!*
*(ગરીબી રેખાની વ્યાખ્યા બદલવા વિચારણા)*

હાઈકુ

*કાઢે ન દોષ -*
*'સરકાર'નો એ છે*
*સાચો અમીર!*
*(નહીં તો રાજદ્રોહી)*

*એકાસણાં ને*
*કરી લ્યો અપવાસ!*
*કમાવ પુણ્ય!!*
*(મેળવા ગરીબીથી રાહત)*

### ચિંતન

**કસ્ય દોષઃ કુલં નાસ્તિ વ્યાધિના કો ન પીડિતઃ ।**
**વ્યસનં કેન ન પ્રાપ્ત કસ્ય સૌખ્યં નિરન્તરમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય મેંટમાંથી લેવામાં આવેલ છે.**

**સંસારમાં એવો કય કુળ અથવા વંશ છે, જેમાં કોઈ દોષ અથવા અવગુણ ન હોય, પ્રત્યેક વ્યક્તિને કોઈને કોઈ રોગનો સામનો કરવો પડે છે, એવો કોણ મનુષ્ય છે જે વ્યસનોમાં પડીને કષ્ટ ન સહન કર્યું હોય અને સદા સુખી રહેવા વાળા વ્યક્તિ પણ કઠિનતાથી જ મળે છે. કારણ કે, પ્રત્યેકના જીવનમાં કયારે ને કયારે કષ્ટ અથવા સંઘર્ષ કરવાનો અવસર આવે જ છે.**

**પોતાને સદા સુખી સમજવા વાળા વ્યક્તિને પણ અનેક પ્રકારના નાના મોટા સંકટો આવે છે અર્થાત કોઈ મનુષ્ય પૂર્ણ નથી.**

### સુવિચાર

- કહદો મુશ્કિલોં સે થોડા ઔર કઠીન હોજાયે, કહદો ચુનોતિયોં સે થોડા ઔર કઠીન હો જાય, નાપના ચાહતે હો મહારી હિંમત? તો કહદો આસમાન સે થોડા ઔર ઉપર હો જાયે - **અનવર જલાલપુરી**
- માણસ સમજ કેળવવામાં જેટલી શક્તિ નથી ખર્ચતો, એથી વધુ શક્તિ ગેરસમજ કેળવવામાં અને સાચી ઠેરવવામાં વેડફે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- તમે બીજી વ્યક્તિ માટે જે કંઈ વિચરો છો તેને માટે તમે પોતે જ જવાબદાર છો, તે વ્યક્તિ નહીં - **બોધિવૃક્ષ**
- તમે જે વિચારોને ગુપ્ત માનો છો તે તમારા અવાજ, ચહેરાના હાવભાવ અને શારિરીક ચેષ્ટાઓ દ્વારા જાહેરમાં પ્રદર્શિત થઈ જ જાય છે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- દુઃખી લોકો નકારાત્મક વિચારોને બહુ સરળતાથી વ્યક્ત કરતા હોય છે - **રોહિત શાહ**
- જીભને પાવડા અને કોદાળીની જેમ આસપાસનું વાતાવરણ ખોદવાની છૂટ ન જ અપાય - **દિનકર જોષી**
- આજનું ઔષધ : રાઈને ઝીણી વાટીને પાણીમાં પલાળી પેટ પર લેપ કરવાથી ઊલટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે ૧૯૬૫ વખતે ભૂજ એરપોર્ટના રન-વેને ખૂબ નુકશાન થયું. એ વખતે રિપેટ કરવા માટે એક દિવસના સો રૂપિયા આપો તો કોઈ મજૂર જાનના જોખમે મજૂરી કરવા તૈયાર ન હતું. સામે ચાલીને કોણ મરવા જાય! ત્યારે માધાપર ગામની બહેનો આ જોખમ લેવા આગળ આવી. લશ્કરી ઓફિસરોને કહ્યું, 'અમને બતાવ રન-વે કેવી રીતે રિપેર કરાય. અમે બધી બહેનો રન-વે રિપેર કરી આપીશું. ભૂજ એરપોર્ટ પર દોઢસો જેટલી બહેનો રનવે રિપેર કરવા લાગી. કેન્દ્ર સરકારને આ ખબર મળ્યા. અને લડાઈ પુરી થયા પછી એ બહેનોને સન્માનવા માટે એ વખતના લશ્કરના વડા રૂબરૂ ભૂજ આવ્યા. તેમને એ બહેનો માટે સાડી-મીઠાઈ અને બીજા રોકડા પૈસા આપવાની કાર્યવાહી કરી. ત્યારે એ બહેનો પડી પડી. બહેનોએ કહ્યું, 'સાહેબ, અમે આ ભૂમિમાં જન્મ લીધો છે. આ દેશ માટે આવું નાનું કામ કર્યું એનો કોઈ પુરસ્કાર થોડો લવાય? લડાઈમાં આપણાં સૈનિક ભાઈઓ શહીદ થયા. ઘાયલ થયા અને અમે તો દેશના શૂરવીરો માટે અમારી ફરજ અદા કરી.'' કોઈ બહેનોએ એક પૈસો ન લીધો. રાષ્ટ્રભક્તિ કરનાર આ બહેનો ને જેટલા વંદન કરીએ તેટલા ઓછા.

# સાહિત્ય પરિષદ પાસે વધતી અપેક્ષાઓ

**તંત્રીસ્થાનેથી...**

સાહિત્ય પરિષદ સવા શતાબ્દી ભણી અગ્રેસર થઈ રહેલી આપણી માતૃભાષામાં રચાતા સાહિત્ય અને સંસ્કૃતિની ધરોહર છે. દીર્ઘદૃષ્ટા જનનાયક રણજિતરામ વાવાભાઈ મહેતાએ એની સ્થાપના કરી અને પ્રથમ પ્રમુખ તરીકે સર્વકાલીન સર્જક 'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલના રચયિતા ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ એનાં મંગલાચરણ કરાવ્યાં. એકસો પંદર વર્ષના પ્રલંબ સમયગાળામાં એને વિવિધ પ્રતિભાઓનું નેતૃત્વ સાંપડ્યું છે અને ગુજરાતી ભાષા સાહિત્ય તથા સંસ્કૃતિની એક પ્રતિનિધિ સંસ્થા તરીકે એને કાઠું કાઢ્યું છે. એના પ્રમુખ તરીકે ગાંધીજીએ પણ સેવાઓ આપેલી છે. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ઘણા લાંબા સમય સુધી એને એકધારું નેતૃત્વ પૂરું પાડયું અને પછી યુવાપેઢીને સ્વહસ્તે જ એનું સુકાન સુપરત કરી નિવૃત્ત થયા. ઉમાશંકર જોશી જેવા મેધાવી વિશ્વચેતનાના કવિ એને અભિનય સ્વરુપે વિશ્વસાહિત્ય સંસ્થાઓની હરોળમાં લાવવાનો પુરુષાર્થ કર્યો તે સર્વવિદિત છે. સાહિત્ય પરિષદનાં જ્ઞાનસત્રો અને અધિવેશનોમાં ગંભીર સાહિત્યચર્ચા ઉપરાંત ભાષાના પ્રશ્નો ચર્ચાતા રહ્યા છે. છેલ્લાં વર્ષો દરમિયાન નારાયણ દેસાઈના અધ્યક્ષપદે આવું અધિવેશન ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયું હતું. જે પરિષદના ઈતિહાસનું એક યાદગાર અધિવેશન બની રહેલું. વિવિધ વિદ્યાકીય અને સાંસ્કૃતિક પ્રતિષ્ઠાનો આવાં અધિવેશનો અને જ્ઞાનસત્રોના આયોજનની ભૂમિકામાં રહેતાં આવ્યાં છે. ગાંધીનગર ખાતે યોજાયેલ અધિવેશન રાજધાનીની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા કલ્ચરલ ફોરમના નેજા હેઠળ યોજાયું હતું જેમાં નિવૃત્ત થતા પરિષદ પ્રમુખ સ્વ. નારાયણ દેસાઈએ ગાંધીગિરાને ગિરા ગૂર્જરીને વિશ્વગૂર્જરી તરીકે પ્રતિષ્ઠા અપાવવાની હાલક કરી હતી. વળી સાહિત્ય માત્ર એક સીમિત પ્રબુદ્ધ સમુદાયની અસ્કામત નહીં રહેતાં છેવાડાના માનવી સુધી પહોંચે, ગિગિવનવાસી, દલિતશોષિત વંચિત વર્ગો અને સાહિત્ય સાથે પોતાપણું અનુભવાય એવી સર્વગ્રાહિતા અને વ્યાપકતા તથા ઉદારતા આણવાના પ્રયાસો નિરંતર ચાલુ રાખવાની રજૂઆત કરી હતી. આવી ભવ્ય સંસ્થાને પ્રચંડ પ્રતિભાશાળી કર્ણધારો સાંપડતા રહ્યા છે જે એને નવી દિશા ચીંધી વધુને વધુ સર્જનાત્મક અભિગમ સાથે નવતર સ્વરુપ આપતા રહ્યા છે. આગામી ત્રણ વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના નવા પ્રમુખ તરીકે રસાકસીભરી ચૂંટણી લડીને વિજયી બનેલા શ્રી પ્રકાશ ન. શાહ એમની વૈચારિક પ્રતિબદ્ધતા અને સૈદ્ધાંતિક અભિગમ માટે જાણીતા છે. એમને વર્તમાન ગુજરાતની હરતીફરતી યુનિવર્સિટી કહી શકીએ એવી એમની પ્રતિભા અને પ્રદાન છે. 'નિરીક્ષક' વિચારપત્રના તંત્રી તરીકે જાગ્રત લોકપ્રહરીની વિશિષ્ટ ફરજ બજાવતા પ્રકાશભાઈ અચ્છા વક્તા, શ્રેષ્ટ પત્રકાર અને વિશિષ્ટ ગદ્યકાર છે. એમણે નારાયણ દેસીના ગાંધીવિચાર ઉપરાંત પૂર્વ પરિષદ પ્રમુખો દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા સંદર્ભે ચલાવાયેલ ઝુંબેશમાં સક્રિય સામેલગીરી દાખવી છે. એમને એક અદના વિચારક અને એક્ટિવિસ્ટ તરીકે પરિષદનું સુકાન સોંપી મતદાતાઓએ ઘણી ઊંચી અપેક્ષાઓ સેવી છે. એમની પ્રતિભા અને પ્રદાન છે. 'નિરીક્ષક' વિચારપત્રના તંત્રી તરીકે જાગ્રત લોકપ્રહરીની વિશિષ્ટ ફરજ બજાવતા પ્રકાશભાઈ અચ્છા વક્તા, શ્રેષ્ઠ પત્રકાર અને વિશિષ્ટ ગદ્યકાર છે. એમને નારાયણ દેસાઈના ગાંધી વિચાર ઉપરાંત પૂર્વ પરિષદ પ્રમુખો દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા સંદર્ભે ચલાવાયેલ ઝુંબેશમાં સક્રિય સામેલગીરી દાખવી છે. એમને એક અદના વિચારક અને એક્ટિવિસ્ટ તરીકે પરિષદનું સુકાન સોંપી મતદાતાઓએ ઘણી ઊંચી અપેક્ષાઓ સેવી છે. એમની સામે પરાસ્ત થયેલા બેઉ સાહિત્યસર્જન પ્રતિસ્પર્ધીઓને સાથે રાખી એ મતદાતાઓની એ અપેક્ષાઓ પૂરી કરવાનો પુરુષાર્થ કરે એવી શુભેચ્છા પાઠવીએ.

# જે છે તેમાં, સુખી થવું કે દુઃખી થવું છે!




મને કહ્યું:'ભાઈ,દશેરાના દિવસે ઘોડું દોડવું જોઈએ..!'સામે જવાબમાં જણાવ્યું: 'પણ હવે ઘોડું જ નથી,દોડે કયાંથી !?'આ કહેવતનો સીધોસાદો અર્થ છે,કામ જે તે સમયે થવું જોઈએ.બપોરનું ભોજન સાંજે આવે અથવા લગ્નના ગીત,લગ્ન પૂર્ણ થયા પછી ગાવામાં આવે તેનો કોઈ અર્થ,મતલબ રહેતો નથી ! આપણે ત્યાં ઘણું એવું બને છે, જરૂર હોય ત્યારે એ કામ થાય નહીં ને કામ થાય ત્યારે જરૂર ન હોય !

પણ મૂળ વાતનો નવરાત્રીની છે.જે ગઈકાલે તદ્દન સાદાઈ અને ભક્તિભાવથી પૂર્ણ થઈ. નવલાં નોરતાં એ શ્રદ્ધા,સાધના,આરાધના અને ઉપાસનાનો ઉત્સવ છે. આ પ્રકાશના પર્વમાં શક્તિ અને ભક્તિ સાથે સંસ્કારનું પણ સિંચન થાય છે. વળી બીજી રીતે કહીએ તો, સ્ત્રી સામર્થ્યના સ્વીકારનો તેમજ માતૃશક્તિની વંદનાનો ઉત્સવ છે.પણ વિશ્વનો સૌથી લાંબો ઉત્સવ ઝાકમઝોળથી ઉજવાયો નહીં. ઘણાં થનગનતા યુવા-ખેલૈયાનાં નોરતાંમાં પ્રગટવાનાં હતાં એવાં રસસભર ઓરતાં મધુરાં થવાનાં બદલે અધૂરાં રહી ગયાં !

પણ જે શેરી ગરબાઓની પરંપરા લુપ્ત થઈ રહી હતી તે ફરી જીવંત થઈ. અબાલવૃદ્ધ સૌ શેરીમાં ભાવભીની શ્રદ્ધા સાથે સાત્વિક આનંદનો લ્હાવો લઈ શક્યા તે આ એક-વસમી સદીની નોંધનીય ઘટના છે.

આપણે ઉત્સવપ્રિય પ્રજા છીએ. ઉત્સવ વગર ફાવે નહીં. ઉત્સવ ન હોય તો ઊભા કરીએ પણ ઉજવીએ ખરા ! તેમાં આ માસતો તહેવારની દીપમાળા લઈને આવે છે. જે ગુજરાતને રળિયાત કરનારો રહ્યો છે. ગાંધીજી, શ્યામજી કૃષ્ણ વર્મા, કિશોરી લાલ મશરૂવાળા, ગોવર્ધનરામ ત્રિપાઠી, જયપ્રકાશ નારાયણ, વિઠ્ઠલભાઈ ને વલ્લભભાઈ પટેલની જન્મજયંતીઓથી સભર રહ્યો છે. પછીથી શરદપૂનમ, ધનતેરસ, વાઘબારસ, કાળી ચૌદશને દિવાળી... પણ કોરોનાએ કઠણાઈ બેસાડી દીધી અને તહેવાર, વ્યવહાર પૂરતા પણ ન રહ્યા !

દરેક તહેવાર મોટાભાગે ઋતુ, પ્રકૃત્તિ અને આરોગ્ય સાથે જોડાયેલા છે. અને જે તે સમયે થાય તો જ તેનું સાર્થક્ય જળવાઈ રહે. જેમ લગ્નમાં લગ્નગીત અને મરણમાં મરશિયાં ગાઈ શકાય... અન્યથા નહીં. પણ નોરતાં કોરાકટ પસાર થઈ ગયાને ગુજરાતનો ગ્લોબલ ગરબો ઘૂમતો અટકી ગયો. કેટલાંય એવાં હૈયા હામ હારી બેઠાં હશે કે કોઈ હૈયા નંદવાયા પણ હશે...જેનો હિસાબ માંડી શકાય એવી ખાતાવહી હજુ શોધાઈ નથી.પણ પાર્ટી ગરબા સાથે જોડાયેલાંઓને જે નુકશાન થયું તે ક્યાં ભરપાઈ કરવા જવું ? ઘણાં ક્ષેત્રોમાં ન ખમી શકાય એવું નુકશાન થયું છે. પણ નફાની જેમ એવા નુકશાનના કોઈ હિસાબ હોતા નથી !

નવરાત્રીમાં નિરાશ થયાતે નિરાશા,હતાશાને કોઈ ફૂટપટ્ટીથી માપી ન શકાય.પણ આ કોરોના ક્યારે જશે, માનવને કયારે મૂક્ત કરશે તેની કોઈ ગેરંટી કે વોરંટી નથી. હાલતો વિજ્ઞાન પણ પાંગળું પુરવાર થઈ રહ્યું છે. કોરોનાની રસી ક્યારે શોધાશે ને ક્યારે દરેક વ્યક્તિને સુલભ થશે તે કાંઈ કહેવાય એવું નથી.હજુ આવા ઘણાં તહેવાર,ઉત્સવ,ધાર્મિક ને સામાજિક પ્રસંગો... સોશ્યલ ડિસ્ટન્સ જાળવી, મર્યાદિત વ્યક્તિઓની હાજરીમાં સંપન્ન કરવાનું બનશે. આ નઠોર, નઘરોળ હકીકતને મને કમને પણ સ્વીકારતા થયા છીએ.પણ નિરાસાને ખંખેરી, ખુશ થવાનું હજુ બાકી રહ્યું છે. આ કોરાના કાળના લીધે ઘણું બદલાશે.કોરોના જશેતો પણ તેની સારી-ખરાબ એવી અમુક અસર છોડતું જશે.જેને સ્વીકાર્યા વગર આપણી પાસે કોઈ વિકલ્પ નહીં હોય.જે છે તેને સાવચેતી સાથે હસતાં મોંએ સ્વીકારી વાર-તહેવારે સુખી થવું કે પછી જે નથી તેનાં રોદણાં રોતાં રોતાં સતત દુઃખી થવું ....એ આપણે, વ્યક્તિએ નક્કી કરવાનું છે !

**છેલ્લે :**

**દરેક દરવાજાને ખોલવા, તાળું તોડવાના બદલે તાળાની સાચી ચાવી શોધવાની હોય છે ! !**

http://raghavjimadhad.blogspot.com
mo.94270 50995

# રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાન : સરસ્વતી શિશુમંદિર - હળવદ

આ જગતમાં એવી અનેક સંસ્થાઓ છે કે જેના થકી સમાજમાં અનેક લોકોની ઓળખ બની હોય પરંતુ એવું ભાગ્યે જ બનતું હશે કે વ્યક્તિ થકી સંસ્થાની ઓળખ ઊભી થઈ હોય. જો કે આવી ઓળખ વ્યક્તિના વ્યક્તિત્વથી નહીં પણ વ્યક્તિની સેવા, સ્વભાવ, સત્યનિષ્ઠા અને સત્કાર્ય બનતી હોય છે અને તો જ વ્યક્તિ અને સંસ્થાનું ગૌરવ જળવાતું હોય છે. આવા સમયે વ્યક્તિ અને સંસ્થાની તુલના પણ ના થઈ શકે કેમ કે વ્યક્તિ અને સંસ્થા બન્ને એકબીજાને પુરક હોય છે. અને વ્યક્તિના વિચારો, આદર્શો, નિષ્ઠા અને કાર્યો સંસ્થાને પ્રતિષ્ઠા અપાવે છે, જ્યારે સંસ્થાની સમાજમાં એક ઓળખ ઊભી થાય છે પછી વ્યક્તિ બદલાતી રહે છે અને સંસ્થા એક વિશાળકાય વૃક્ષ બનીને આખા સમાજને પ્રેરણા પૂરી પાડતી રહે છે. નવી દિશા ચીંધતી રહે છે.

ભારત અને ગુજરાતની સંસ્કૃતિમાં સૌરાષ્ટ્રની એક આગવી ઓળખ છે. આ સૌરાષ્ટ્રમાં હળવદ પણ પોતાની વૈશ્વિક ઓળખ ધરાવે છે. અહીં હળવદના બ્રાહ્મણોનો ઈતિહાસ અલગ લેખ, પુસ્તક અને સંશોધનનો વિષય બને એવો છે. ૧૬મી સદીમાં નિર્માણ પામેલા હળવદમાં આજે રાષ્ટ્રીય વિચારધારા લઈને બાળકોમાં શિક્ષણ અને સંસ્કાર આપતી એક સંસ્થા છે '' રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાન '' સંચાલિત સરસ્વતી શિશુમંદિર, જે વિદ્યાભારતીના આદર્શો, નીતિ નિયમો અને રાષ્ટ્રવાદી વિચારધારા અને અભ્યાસક્રમને અનુસરે છે.

આ શિશુમંદિરનો ઉદભવ પણ એક સાહજિક રીતે આવેલા વિચારમાંથી થયો છે. એ વખતે હળવદમાં કોઈ સારી શાળા નહીં, જે અભાવગ્રસ્ત બાળકોને શિક્ષિત કરે અને જે બાળકો આવતીકાલના નાગરિકો બનવાના છે તેવા બાળકોના સંસ્કારના મૂળમાં રાષ્ટ્રીય ભાવના ધબકતી કરે. આ કામ કરવાનો વિચાર એક દિવસ ઘનશ્યામભાઈ દવે અને તેમના ત્રણ ચાર મિત્રોને આવ્યો. અને ઈ.સ. ૧૯૮૮માં માત્ર ૩૫ વિદ્યાર્થીઓ સાથે દાનના નાના એવા મકાનથી શિશુવાટિકાનો આરંભ થયો. બીજે વર્ષે થોડી સંખ્યા વધતા મકાન નાનું પડ્યું. તેથી જમીન અને મોટા મકાનની જરૂરિયાત ઊભી થઈ. ૧૯૯૦માં આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીની ઉપસ્થિતિમાં આઠ હજાર માણસોની વચ્ચે સામૂહિક સત્ય નારાયણની કથા કરી. જેમાં રૂ. એક લાખ ભેગા થયા. આ શાળા હળવદની પ્રથમ ખાનગી પ્રા.શાળા તરીકે પ્રસ્થાપિત થઈ. ત્યાર પછી શાળાના વિકાસ માટે ફંડની જરૂર પડતા મુંબઈમાં હળવદના જ વતની એવા આઠ સો જેટલા લોકોની સામે નાટકોના શો કર્યા. અને અઢી લાખ જેટલી રકમ ભેગી કરી.

વર્ષ – ૨૦૦૧માં સરકારે પાંચ એકર જમીન તો આપી. પણ આ જમીન એટલે ઊંડો ખાડો. તેથી ગામના બધા જ લોકોએ શ્રમયજ્ઞ કરીને, આજુબાજુના ગામડાઓના ખેડુતોએ પોતાના ટ્રેકટરોમાં માટી ભરી ભરીને



અહીં ઠાલવીને ખાડો પુરી જમીન સમથળ કરીને અહીં શાળાનું નિર્માણ કર્યુ. ૧૭, જાન્યુઆરી, ૨૦૦૨માં આ નવનિર્માણ પામેલા શાળાસંકૂલનું ઉદઘાટન માનનીય શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે યોજાયેલું. આ સંકૂલના વિકાસ માટે લાભાર્થે કાર્યક્રમ કરવા ટ્રસ્ટીશ્રી ઘનશ્યામભાઈ દવે સ્વામી શ્રી સચ્ચિદાનંદ પાસે પણ ગયા હતા પરંતુ શ્રી સચ્ચિદાનંદે સ્પષ્ટ કહ્યું કે હું લાભાર્થે કાર્યકર્મ નથી કરતો. એ મને નથી ગમતું. તમે કામ કરીને સમાજને બતાવો તો સમાજ તમને આપોઆપ આપશે. અને પછી આ વાતને સૂત્ર બનાવીને દાન અને ડોનેશન લેવાને બદલે શિક્ષણ, સેવા અને સંસ્કાર દ્વારા સમાજ સામે પોતાની એક નવી ઓળખ બનાવી.




એ સમયે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને હિંદુત્વ વિચારધારા જગાવે એવી શાળાઓ બહુ ઓછી હતી. તેથી આ વિસ્તારમાં આવી શાળા શરું થતા લોકોએ પોતાના સંતાનોને અહીં શિક્ષિત અને સંસ્કારિત થવા હોશે હોશે મોકલ્યા. આ શાળામાં ૨૦ મિનિટની પ્રાર્થના, ભગવતગીતાના અઢાર અધ્યાયના અઢાર શ્લોકનું પઠન, સરસ્વતીવંદના, શાંતિપાઠ, ગાયત્રીમંત્રનું ઉચ્ચારણ અને વંદે માતરમનું ગાન નિયમિત સવારે થાય છે. તો વળી વાતાવરણના વાયુને શુદ્ધ કરવા માટે દર રવિવારે ''અગ્નિહોત્ર યજ્ઞ'' વૈદિક પરંપરા મુજબ કરવામાં આવે છે. ભોજન કરતા પહેલા સાત વખત ઓમનું ઉચ્ચારણ કરવામાં આવે છે.

આ શાળામાં શિક્ષણ, શ્રમ, સેવા, સંસ્કારની સાથે સાથે સ્વરક્ષણ માટે કમાન્ડોની તાલીમ પણ અપાય છે. વળી કરાટે, તલવારબાજી જેવી કલાઓ પણ શીખવી. સમાજ સામે જ્યારે આ બધી બાળાઓએ પોતાની રાષ્ટ્રભક્તિ અને શક્તિનું પ્રદર્શન કર્યું ત્યારે સમાજમાં એક નવી ચેતના જાગી ગઈ હતી. શિક્ષણની સાથોસાથે આવી તાલીમ પણ જરૂરી છે. કે જેથી ગામ્ય બાળાઓ પણ પોતાનું સ્વરક્ષણ કરી શકે.

આ શાળાની વિશેષતા એ છે કે અહીં વર્ષ ૨૦૧૦માં બાલિકા કલ્યાણ - કન્યા છાત્રાલયની શરુઆત કરી, સરકારી સહાય નહીં મળતી હોવાથી વાર્ષિક ફી ૨૫ હજાર રાખવામાં આવેલ. જેમાં શિક્ષણની સાથે રહેવાનું, જમવાનું અને બધી જ સુવિધા આપવામાં આવતી. જો કે અભાવગ્રસ્ત બાળાઓની ફી માફી કરીને પણ અહીં રાખવામાં આવે છે. આ હળવદમાં શ્રી રેવાશંકર પંચોલી ગૃહ સરકારી સહાયથી ચાલતું હતું. આ સંસ્થાએ પોતાની બધી જ બાળાઓની જવાબદારી ઘનશ્યામભાઈની શાળા શિશુમંદિરને સોંપી. જે સ્વીકારીને આ શાળાએ આવેલ બાળાઓને પણ શિક્ષિત કરી. જેનાથી સામાજિક ન્યાય અધિકારીતા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા મંજુરી મળતા થોડી સરકારી નિયમાનુસાર આર્થિક સહાય મળવી શરુ થઈ. આમ છતાંય અહીં અનેક અભાવગ્રસ્ત અને ગરીબ બાળાઓને પણ વિનામૂલ્યે રાખવામાં આવે છે. આ શાળાના કક્ષના નામો પણ ઐતિહાસિક છે જેમ કે ચાણક્ય કક્ષ, મીરાંબાઈ કક્ષ, ગંગા કક્ષ, વિવેકાનંદ કક્ષ, મૈત્રી કક્ષ, દૂર્ગા કક્ષ, ગાર્ગી કક્ષ...વગેરે

બાલિકા કલ્યાણ યોજના અંતર્ગત આ સંસ્થામાં આસામથી બાગ્લાદેશની બોર્ડર પાસે રહેતી હોવાથી અસૂરક્ષિત, આર્થિક રીતે મુશ્કેલી અનુભવતી ૩૦ જેટલી બાળાઓને સંગઠન મારફતે વર્ષ ૨૦૧૫માં અહીં હળવદ ખાતે આ સંસ્થાની શાળામાં લાવવામાં આવેલી. જે બાળાઓ અહીં બિલકુલ વિના મૂલ્યે રહીને આ બધી જ બાળાઓની માતૃભાષા અસમિયા હોવા છતાંય ગુજરાતી ભાષા શીખીને ગુજરાતી શિક્ષણ અને રાષ્ટ્રભક્તિના સંસ્કાર પામીને નવપલ્લવિત થઈ છે. હાલ કોરોના વાયરસને કારણે આ બધી બાળાઓને આસામ પોતાના માતાપિતાની પાસે વિમાન દ્વારા મોકલવામાં આવી છે. પરંતુ આ સૌ હાલ ઓનલાઈન શિક્ષણ લઈને પોતાનો અભ્યાસ કરી રહી છે.

આ સંસ્થામાં દીકરીઓને વિશેષ મહત્વ આપવામાં આવે છે. ગામમાં હોસ્પિટલ કે કૉર્ટનું ઉદઘાટન આ દીકરીઓના હસ્તે યોજાય છે. તો વળી અહીંની દીકરીઓ પોતાનું એક બેન્ડ પણ ચલાવે છે. જે પરેડમાં વગાડે છે. રાષ્ટ્રીય તહેવારે દેશભક્તિ ગીતો વગાડીને નારીશક્તિનો મહિમા વધારે છે. અહીંની વિદ્યાર્થીનીઓ રાજ્ય સરકાર દ્વારા આયોજિત કલા મહાકૂંભમાં રાજ્યકક્ષાએ વિજેતા થઈ ચૂકી છે. અહીં શિક્ષણ લઈને અનેક બાળાઓ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સ્કેમ ૧૯૯૨ : મનોરંજન અને વાસ્તવિકતાનું મસ્ટ વોચ મિશ્રણ!

''લોકોના ટોળાં વચ્ચે દેખાતો હીરોનો ચહેરો... બેકગ્રાઉંડમાં લીધા-દીધાની નિશાની આપતી આંગળીઓ... ઊંચાઊંચા બિલ્ડીંગોવાળા શહેરના ઊંચા બહુમાળી બિલ્ડિંગની છત પર ઉભેલો શુટેડ બુટેડ હીરો અને બાજુમાં છત પર જ પાર્ક થયેલી મોંઘેરી વિદેશી ગાડી... બેકગ્રાઉંડમાં ઊંચા નીચા થતાં ગ્રાફ્સ...અચાનક ઊંચી બિલ્ડિંગમાં લાગતી આગ... નીચે ધસી જતાં ગ્રાફ્સ અને છત પરથી નીચે અનેકો હાથના પંજાઓમાં ફેંકાતો હીરો અને એની મોંઘેરી ગાડી... અને બધાથી શિરમોર બેકગ્રાઉંડમાં ગવાતા 'પ હે એ એ એ એ...' ના આલોપો સાથેનું જોશિલું.... તરવરાટ વાળું અને દિમાગને જકડી રાખે એવું બેકગ્રાઉંડ મ્યુઝિક...' આ છે સોની લીવ ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમિંગ થઈ રહેલી લેટેસ્ટ હિટ વેબ સીરિઝ 'સ્કેમ - ૧૯૯૨ : ધ હર્ષદ મેહતા સ્ટોરી' નો આગાઝ... અને ખાલી આગાઝ જ શું કામ પણ જેમ જેમ અંદાજે ૪૦-૪૫ મિનિટનો એક એવા ૧૦ એપિસોડની આ મસ્ટ વોચ સીરિઝનો એક એક એપિસોડ તમે જોતાં જાવ એમ એમ તમે એના અદ્ભુત ડાયરેકશન...ક્લાસી. મ્યુજિક....શાનદાર એક્ટિંગ અને દમદાર ડાયલોગની દુનિયામાં ગરકાવ થતાં જાવ...!

૧૯૯૨માં આખાયે દેશને અને ઈવન ત્યારની સરકારને પણ હચમચાવી નાખનાર શેરબજારના બિગ બુલ હર્ષદ મેહતાની ચડતી-પડતીની વાત કહેતી 'સ્કેમ – ૧૯૯૨' ની વાર્તાથી કોઈ અજાણ નથી છતાં પણ કદાચ આજની પેઢી હર્ષદે શું કરેલું એનાથી અજાણ હોય તો 'સ્કેમ - ૧૯૯૨' ની સફળતા પછીથી આખો પ્લોટ હવે બધા જાણે છે અને ખાસ તો 'સ્કેમ – ૧૯૯૨' કોઈ મજાનું પાસું હોય તો એ પણ એ જ છે કે આખીયે વેબસિરીઝમાં ક્યાય પણ હર્ષદને હીરો કે વિલન ચીતરવાનો પ્રયાસ થયો નથી એનાથી ઉલ્ટુ હર્ષદની ડેરિંગ અને જોખમ ઉઠાવવાની કાબેલિયતની સામે એના ખરાબ દિવસોને પણ બખૂબી બતાવાયા છે. દિગ્દર્શક હંસલ મેહતા કહે છે એમ 'એક મિડલ ક્લાસ વ્યક્તિ કઈ રીતે આકાશને આંબે છે અને કેવી રીતે ત્યાંથી પછડાટ ખાય છે એની વાત છે. ક્યાંય વાસ્તવિકતાને છોડવામાં નથી આવી અને ક્યાંય કોઈને નિર્દોષ પણ દર્શાવવાનો પ્રયાસ નથી કર્યો.' ખેર અહી હર્ષદે કરેલા કાંડનું પોસ્ટમોર્ટમ કરવાનો બિલકુલ ઈરાદો નથી પણ હંસલ મેહતા સહિત ઘણા બધા ગુજરાતી કલાકારોની આ શિરમોર સિધ્ધિને વધાવવાની વાત કરવી છે.

શરૂઆત ઓફ કોર્સ લીડ એક્ટર અને હર્ષદને બખુબી પરદા પર જીવંત કરનાર પ્રતિક ગાંધીથી કરવી પડે. ગુજરાતી રંગમંચ અને પછીથી ગુજરાતી ફિલ્મો માટે પ્રતિક ગાંધી નવું નામ નથી. નેશનલ એવોર્ડ વિજેતા 'રોંગ સાઈડ રાજૂ' , સુપરહિટ 'લવની ભવાઈ' અને 'બે યાર', જેવી ગુજરાતી અને 'મિત્રો' 'લવયાત્રી' જેવી હિન્દી ફિલ્મોમાં ઉત્તમ અભિનય કરનાર પ્રતિક 'સ્કેમ – ૧૯૯૨' જોવાના અનેક કારણો પૈકીનું એક સબળ કારણ છે. સીરિઝ જોતાં જ એમ લાગે કે પ્રતિક ટોટલી હર્ષદના પાત્રમાં એકાકાર થઈ ગયેલો છે. બોડી લેન્ગ્વેજ... ડાયલોગ ડિલિવરી... હાવભાવ અને હર્ષદની લેવીશ લાઈફસ્ટાઈલની સાથે સાથે કૌભાંડમાં પકડાયા પછીથી હર્ષદની વ્યાકુળતા અને બચી જઈશ એવા આત્મવિશ્વાસને પરદા પર જીવંત કરવામાં પ્રતિકને ૧૦ માથી ૧૦ આપવા પડે. આ સીરિઝથી પ્રતિકની હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ પણ નોંધ લેવી જ પડશે એટલો દમદાર અભિનય છે મૂળ સુરતી એવા આ કલાકારનો. હર્ષદના મોટાભાઈ અશ્વિનનો રોલ કરનાર હેમંત ખેર પણ મૂળે સુરતના જ છે અને ઝલક દિખલા જા, જરા નચકે દિખા સહિતના શોઝ ના લેખક અને ઈન્ડિયાઝ મોસ્ટ ડ્રામેબાઝ, સિનેસ્ટાર કી ખૌજના રાઈટર - ઍક્ટ-ડિરેક્ટર પણ રહી ચૂક્યા છે તો આ બંને ભાઈઓ સાથે સતત જોવા મળતો ભુષણ ભટ્ટનું પાત્ર ભજવનાર ચિરાગ વહોરા પણ ગુજરાતી અને ટીવી ફિલ્મ રંગમંચના જૂના કલાકાર છે. સિરીઝના મોટાભાગના પાત્રો રીઅલ લાઈફના છે પણ આ ભુષણવાળું પાત્ર કાલ્પનિક છે. રાકેશ ઝુનઝુનવાલાનો રોલ પ્લે કરતાં કેવિન દવે લગભગ બે ડઝન હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકેલ ગુજરાતી જ છે તો રાધકિશન દામાણી બનતા પરેશ ગણાત્રાને 'રાવડી રાઠોડ 'જેવી ફિલ્મો અને 'કપિલ શર્મા શો 'જેવા અનેકો શો માં આપણે જોઈ ચૂક્યા છીએ. દિગ્દર્શક હંસલ મેહતા તો ગુજરાતી છે જ સાથે હર્ષદના પત્ની બનતા અંજલિ બારોટ ,પ્રતિકને સાથ આપનાર અને કહેવાય છે આવા જ એક કૌભાડમાં પછીથી ચમકેલ કેતન પારેખના પાત્ર પરથી પ્રેરિત એવા પ્રણવ શેઠનું પાત્ર ભજવનાર જય ઉપાધ્યાય પણ અવર વેરી ઓન ગુજરાતી જ છે. અને લાસ્ટ બટ નોટ લિસ્ટ 'રિસ્ક હે તો ઈશ્ક હૈ' કે 'જેબ મે મની હો તો કુંડલિમે શનિ હોને સે કોઈ ફર્ક નહીં પડતાં' જેવા અસંખ્ય જોરદાર ડાયલોગ લખનાર કરણ વ્યાસ ને કેમ ભૂલાય. તો કદાચ વેબસિરીઝની દુનિયામાં પહેલીવાર એવું થયું હશે કે લોકો વારંવાર ટાઈટલ ટ્રેક સાંભળ્યા કરે છે એવું જોરદાર ટાઈટલ ટ્રેક અને બેકગ્રાઉંડ મ્યુઝિક આપનાર અચિંત ઠક્કર ને સેલ્યુટ બનતા હૈ બોસ. ખાલી ટાઈટલ ટ્રેક એકવાર ફૂલ વોલ્યુમ સાંભળજો....લૂપમાં વગાડશો એ ગેરંટી..!




ફેમિલીમેન સિરીઝથી પ્રખ્યાત થયેલ અને હર્ષદ પછી જો કોઈ પાત્ર મહત્વનુ છે એવા કૌભાંડ બહાર લાવનાર અને જેની બુક પરથી આ સીરિઝ બની છે એવા પત્રકાર સુચેતા દલાલનું પાત્ર ભજવનાર શ્રેયા ધન્વંતરિ અને એના જોડીદાર દેબાશીશનું પાત્ર ભજવનાર ફેજલ રશિદ, શેરબજાર કિંગ મન્નુભાઈ બનતા દિગ્ગજ સતિશ કૌશિક, કે કે રૈના, વિવેક વાસવાની, રજત કપૂર , અનંત મહાદેવન , ત્યાગી બનતો નિખિલ દ્વિવેદી , સિતારામનનો રોલ બખૂબી પ્લે કરનાર જૈમિની પાઠક પ.. ઓહહ વોટ એ કાસ્ટ... સીરિઝનું એક એક પાત્ર મહત્વનુ તો છે જ પણ દરેકે જોરદાર કામ પણ કર્યું છે અને એટ્લે જ આખી સીરિઝ એકી બેઠકે પૂરી કરવા તમે મજબૂર બની જાવ છો. ભરપૂર ગાળો... સેક્સ અને મારમારીથી ભરી પડેલી વેબસિરીઝ મોટાભાગના દર્શકોને ગમે છે (એના માટે પ્રખ્યાત મિર્ઝાપુર-૨ સ્ટ્રીમ થઈ જ રહી છે ) એવી માન્યતાનો જોરદાર છેદ ઉડાડતી 'ધ સ્કેમ – ૧૯૯૨' આ બધી માન્યતાથી એકદમ વિપરીત છે. હા મન્નુ મુંદ્રા બનતા સતિશ કૌશિક કે સીબીઆઈ ઓફિસર માધવન બનતા રજત કપૂર ના મુખે અને અમુક દ્રશ્યોમાં ગુજરાતી કહેવતોરૂપે બોલાતી ગાળ કે ગંદા શબ્દોને બાદ કરો તો આખીયે સીરિઝ ટોટલી ક્લીન અને ફૂલ્લી ફેમિલી મનોરંજન છે. ફિલ્મોનું પરફેક્ટ રેટિંગ કરતીં સ્હ્રહ્ય સાઈટ પર 'ધ સ્કેમ – ૧૯૯૨ 'ને ૯.૬/૧૦ નું રેટિંગ મળ્યું છે જે અત્યાર સુધીની હિન્દી વેબસિરીઝમાં સૌથી વધુ છે. ૭૦ થી ૯૦ ના દાયકાના મુંબઈને આબેહૂબ બતાવાયું છે એટલું જ નહીં પણ તમને સ્ટોક માર્કેટમાં કશી જ ખબર ના પડતી હોય તો પણ શેરબજારની અને આખાયે સ્કેમની અટપટી લાગતી આંટીઘૂંટી , અને શેરબઝાર અને મનીમાર્કેટનો ભેદ પણ આસાનીથી ગળે ઉતરી જાય એટલી સરળતાથી બતાવ્યો છે . દિગ્દર્શન એટલું ટુ ધ પોઈન્ટ છે કે ૧૦માથી એકપણ એપિસોડમાં એવું નહીં બને કે ફાસ્ટ ફોરવર્ડ કરવું પડે. શેરબજારમાં રસ હોય કે ના હોય પણ ચુસ્ત દિગ્દર્શન , ફાસ્ટ સ્ટોરીટેલિંગ , જાનદાર ડાયલોગ્સ , સુપર્બ સિનેફોટોગ્રાફી અને જબરદસ્ત અભિનય અને ખાસ તો તે વખતે ઈંડિયાઝ બિગ્ગેસ્ટ સ્કેમ તરીકે ઓળખાવાયેલ કૌભાંડ શું હતું એ જાણવા માટે પણ 'સ્કેમ ૧૯૯૨' મસ્ટ વોચ છે....!

**વિસામો :**

અભિષેક બચ્ચનને હર્ષદ તરીકે ચમકાવતી ફિલ્મ 'બિગબુલ' ડીઝ્ની હોટ સ્ટર પર આવી રહી છે તો સૈફને ચમકાવતી 'બાઝાર' અને ૨૦૦૬ માં આવેલી 'ગફલા' માં પણ હર્ષદના સ્કેમની જ વાત હતી.